Extra No. 414

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **WEDNESDAY, AUGUST 6, 2025 / SRAVANA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

સુરત ઝૉન સી.આઈ.ડી. ક્રાઈમ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૧૮ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

ગૃહ વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) કાયદા વિભાગના તા.૦૨.૦૨.૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક : No.GHK/33/2024/SPC/102017/2635/D.

(૨) ગૃહ વિભાગનો તા.૦૮.૦૫.૨૦૧૯નો હુકમ ક્રમાંક : વિ.૨/ગનહ/૧૩૨૦૧૭/૧૮૫૦-પા.ફા.(GPID-5)

(૩) કમ્પીટન્ટ ઑથોરીટી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, સીટીપ્રાંત ઉત્તર (અડાજણ), સુરતનો તા.૧૨.૦૮.૨૦૨૪ નો પત્ર ક્રમાંક : GPID એક્ટ-૨૦૦૩/કો.ઓ./૨૦૨૪.

ક્રમાંક : જીએચજી/૬૯/૨૦૨૫/વિ.૨/ગનહ/૧૩૨૦૧૭/૧૮૫૦-પા.ફા.(GPID-5) : સુરત ઝૉન સી.આઈ.ડી. ક્રાઈમ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૧૮ ખાતે ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ (GPID Act, 2003) ની કલમ-૩ તથા ઈ.પી.કો કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) હેઠળ દાખલ થયેલ ગુનાના કામે GPID Act, 2003ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ ગૃહ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના હૂકમના એનેક્ષરમા દર્શાવ્યા મુજબની આરોપીઓની મિલ્કત ટાંચમાં લેવા તથા પ્રાંત અધિકારીશ્રી, સુરત સીટી પ્રાંત અધિકારીશ્રીની 'કમ્પીટન્ટ ઑથોરીટી' તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી પરંતુ વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાથી કાયદા વિભાગ દ્વારા GPID Act, 2003 ની કલમ-૯ હેઠળ પ્રત્યેક જિલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજની

અદાલતને "વિશેષ અદાલત" તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. જેના અનુસંધાને વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના પત્રથી ઉક્ત કેસ નામ. 'ડેઝીગ્નેટેડ કોર્ટ' વલસાડ ખાતે ટ્રાન્સફર થયેલ હોવાનું જણાવીને, પ્રસ્તુત કેસમાં 'કમ્પીટન્ટ ઑથોરીટી' તરીકે પ્રાંત અધિકારીશ્રી, વલસાડને નિયુક્ત કરવા રજૂઆત કરવામાં આવેલ હતી.

જે ધ્યાને લઈ પ્રાંત અધિકારીશ્રી, વલસાડને, સુરત ઝૉન સી.આઈ.ડી. ક્રાઈમ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૧૮ ખાતે GPID Act, 2003 ની કલમ-૩ તથા ઈ.પી.કો કલમ- ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) હેઠળ દાખલ થયેલ ગુનાના કામે GPID Act, 2003 ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ ગૃહ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના હુકમના એનેક્ષર-૧ માં દર્શાવ્યા મુજબની આરોપીઓની મિલ્કતો ટાંચમાં લેવા, 'કમ્પીટન્ટ ઑથોરીટી' તરીકે જાહેર કરવામાં આવે છે તથા 'ડેઝીગ્નેટેડ કોર્ટ' ના આખરી હુકમ સુધી સદર પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા હુકમ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. હર્ષિત ગોસાવી,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.08 10:58:49 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar